# જાહેર નિવિદા

## કુટીર ઉદ્યોગ માટેની કાફ્ટ બિઝનેસ ડેવલપમેટ સેન્ટર માટેની યોજના

Go Cashless Digital

ગુજરાત સરકાર દ્વારા કુટીર અને ગ્રામોદ્યોગ સાથે સંકળાયેલ હાથશાળ અને હસ્તકલાના કારીગરોને પ્રોત્સાહીત કરવા **"કાફ્ટ બિઝનેસ ડેવલપમેન્ટ સેન્ટર"**ની યોજના જાહેર - ખાનગી સહભાગિતા (પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશીપ - પીપીપી)થી અમલમાં મુકવામાં આવેલ છે. આ યોજના અન્વયે આધુનિક ટુલ્સ ઈક્વીપમેન્ટ, ડીઝાઈન ડેવલપમેન્ટ, કૌશલ્ય વર્ધન તાલીમ, રો-મટીરીયલ બેન્ક, સેન્ટર ફોર એક્સલન્સ, ડીઝાઈન સ્ટુડીયો, કોમન ફેસીલીટી સેન્ટર, માર્કેટ ડેવલપમેન્ટ અને નિકાસ જેવા પ્રભાગનો સમાવેશ કરવામાં આવેલ છે.

**સહાય :** પરિયોજના દીઠ યુનિટ કોસ્ટ રૂા. ૩ કરોડ થી રૂા. ૭ કરોડ નક્કી કરવામાં આવેલ છે. જે પૈકી સરકારશ્રીની સહાયનો હિસ્સો ૭૦% સુધી અને બાકીનો ૩૦% હિસ્સો લાભાર્થી/હિતાધિકારીઓનો રહેશે.

**પાત્રતા :** ગુજરાત સહકારી અધિનિયમ ૧૯૬૧ હેઠળ નોંધાયેલ ઔદ્યોગિક સહકારી મંડળી, નોંધાયેલા જાહેર ટ્રસ્ટ આ પ્રવૃતિ સાથે સંકળાયેલા રાજ્ય સરકારના જાહેર સાહસો/નિગમો કે જેના દ્વારા ઓછામાં ઓછા ૧૦૦થી ૩૦૦ કારીગરોને રોજગારીમાં સાંકળેલ હોય તથા આશરે ૫૦૦૦ ચોરસ ફુટ બાંધકામ ઉપયોગી બીન ખેતીની જમીન હોવી જરૂરી છે.

**સંપર્ક :** ઉક્ત પાત્રતા ધરાવતી સંસ્થાઓએ જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર મારફતે અરજી કરવાની રહેશે. ફોર્મ અને અન્ય વિગતો www.rtigujarat.org વેબસાઈટ ઉપરથી ડાઉનલોડ કરી શકાશે અથવા નીચેની કચેરીનો કામકાજના દિવસોમાં ૧૧.૦ થી ૫.૦૦ કલાક દરમ્યાન સંપર્ક કરવા જણાવવામાં આવે છે.

**નિયામકશ્રી, ગુજરાત માટીકામ કલાકારી અને રૂરલ ટેકનોલોજી સંસ્થા**
**(ગુજરાત સરકારની સંસ્થા)**
ઘ-૪ પાસે, સેક્ટર-૧૨, ગાંધીનગર-૩૮૨૦૧૬
ફોન : ૨૩૨૨૩૪૪૯, ફેક્સ : ૨૩૨૨૧૫૯૮ Email : info@rtigujarat.org

માહિતી/૨૬૩૨/૧૬-૧૭ નિયામક, જી.એમ.કે. આર.ટી.આઈ.

સંદેશ તા. ૦૪/૦૨/૧૭

વિના મુલ્યે

सत्यमेव जयते
ગુજરાત સરકાર

# ગુજરાત સરકાર
# કમિશ્નર કુટિર અને ગ્રામોદ્યોગ
## ક્રાફ્ટ બિઝનેશ ડેવલપમેન્ટ સેન્ટર (સી.બી. ડી. સી.) માટેનું દરખાસ્ત ફોર્મ

**૧. સંસ્થાની વિગત :**

| | | | |
|---|---|---|---|
| **સંસ્થાનું નામ** | | | |
| **સંસ્થાનો પ્રકાર** | □ બોર્ડ/નિગમ □ ટ્રસ્ટ □ સોસાયટી /મંડળી □ કંપની □ અન્ય | | |
| **સંસ્થાની નોંધણીની વિગત** | **નોંધણી નંબરઃ** | | |
| | **તારીખઃ** | | |
| **પત્ર વ્યવહારનું સરનામું** | **ઠે.** | **ગામઃ** | **તા.** |
| | **જી.** | **પીનઃ** | |
| **સંપર્ક વ્યક્તિનું નામ** | | | |
| **ટેલિફોન નંબર** *(કોડ નંબર સાથે)* | **મોબાઇલ નંબર** | | |
| | **ઇ–મેઇલ** | | |
| **ફેક્સ નંબર** *(કોડ નંબર સાથે)* | | | |
| **સંસ્થાની પ્રવૃતિની ટુંકી વિગત** | | | |

**૨. પ્રસ્તાવિત ક્રાફ્ટ બિઝનેશ ડેવલપમેન્ટ સેન્ટર હેઠળ આવરી લેવામાં આવનાર હાથશાળ અને હસ્તકલા તથા કુટિર ઉદ્યોગ સબંધિત ઉત્પાદિત પ્રવૃતિની વિગતઃ**

| |
|---|
| |

**૩ પ્રસ્તાવિત ક્રાફ્ટ બિઝનેશ ડેવલપમેન્ટ સેન્ટર હેઠળ આવરી લેવામાં આવનાર વિસ્તાર :**

| ગામનું નામ | તાલુકો | જિલ્લો | આવરી લેવામાં આવનાર કારીગરોની સંખ્યા |
|---|---|---|---|
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |

૪. સંસ્થા દ્વારા ઉત્પાદીત મુખ્ય ઉત્પાદનો :

(રકમ રૂ.લાખમાં)

| ક્રમ | તૈયાર વસ્તુનું નામ | ૨૦૧૩–૧૪ | | ૨૦૧૪–૧૫ | | ૨૦૧૫–૧૬ | |
|---|---|---|---|---|---|---|---|
| | | જથ્થો | મુલ્ય | જથ્થો | મુલ્ય | જથ્થો | મુલ્ય |
| ૧ | | | | | | | |
| ૨ | | | | | | | |
| ૩ | | | | | | | |
| ૪ | | | | | | | |
| ૫ | | | | | | | |
| ૬ | | | | | | | |
| ૭ | | | | | | | |
| | કુલ | | | | | | |

૫. સંસ્થા દ્વારા કરવામાં આવેલ કુલ વેચાણની વિગતો :

(રકમ રૂ.લાખમાં)

| ક્રમ | તૈયાર વસ્તુનું નામ | ૨૦૧૩–૧૪ | | ૨૦૧૪–૧૫ | | ૨૦૧૫–૧૬ | |
|---|---|---|---|---|---|---|---|
| | | જથ્થો | મુલ્ય | જથ્થો | મુલ્ય | જથ્થો | મુલ્ય |
| ૧ | | | | | | | |
| ૨ | | | | | | | |
| ૩ | | | | | | | |
| ૪ | | | | | | | |
| ૫ | | | | | | | |
| ૬ | | | | | | | |
| ૭ | | | | | | | |
| | કુલ | | | | | | |

૬. વેચાણ પર સરકારી રીબેટ /સહાય મેળવવામાં આવતી હોય તો તેની વિગતો :

| ક્રમ | વિગત | ૨૦૧૩–૧૪ | | ૨૦૧૪–૧૫ | | ૨૦૧૫–૧૬ | |
|---|---|---|---|---|---|---|---|
| | | જથ્થો | મુલ્ય | જથ્થો | મુલ્ય | જથ્થો | મુલ્ય |
| ૧ | રીબેટ | | | | | | |
| ૨ | સહાય | | | | | | |
| ૩ | અન્ય | | | | | | |
| | કુલ | | | | | | |

**૭. છેલ્લા ત્રણ વર્ષનો એકંદરે કુલ નફો/નુકશાન :**

| ક્રમ | વર્ષ | થયેલ નુકશાન રૂ. લાખમાં | થયેલ નફો રૂ. લાખમાં |
|---|---|---|---|
| ૧ | ૨૦૧૩–૧૪ | | |
| ૨ | ૨૦૧૪–૧૫ | | |
| ૩ | ૨૦૧૫–૧૬ | | |
| | કુલ | | |

**૮. સંસ્થા પાસે ઉપલબ્ધ પોતાની માલીકીની સ્થાવર મિલકત વિગત :**

| ક્રમ | સ્થાવર મિલકત વિગત | |
|---|---|---|
| ૧ | જમીન (ક્ષેત્રફળ) | |
| ૨ | મકાન (બાંધકામનું ક્ષેત્રફળ) | |
| ૩ | શેડ (બાંધકામનું ક્ષેત્રફળ) | |
| ૪ | ખુલ્લો પ્લોટ (ક્ષેત્રફળ) | |
| ૫ | ઓફીસ ફર્નીચર | |
| ૬ | કબાટ | |
| ૭ | ખુરશી | |
| ૮ | ટેબલ | |
| ૯ | કોમ્પ્યુટર અને સબંધિત હાર્ડવેર | |

**૯. સંસ્થા પાસે ઉપલબ્ધ સાધન/ઓજાર/ મશીનરી વિગત :**

| ક્રમ | સાધન/ઓજાર/ મશીનરી નું નામ | સંખ્યા | પરંપરાગત છે ? | આધુનિક છે ? |
|---|---|---|---|---|
| ૧ | | | | |
| ૨ | | | | |
| ૩ | | | | |
| ૪ | | | | |
| ૫ | | | | |
| ૬ | | | | |

**૧૦. બેંક એકાઉન્ટની વિગતઃ**

| ક્રમ | બેકનું નામ | સરનામુઃ | ખાતા નંબર |
|---|---|---|---|
| ૧ | | | |
| ૨ | | | |
| ૩ | | | |

**૧૧. છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન કોઇ સરકારી ગ્રાન્ટ મેળવેલ હોય તો તેની વિગત**

| ક્રમ | પ્રોજેક્ટનું નામ | વર્ષ | સ્પોન્સર કચેરીની વિગત | ગ્રાન્ટની રકમ રૂ. લાખમાં | આવરી લીધેલ લાભાર્થી |
|---|---|---|---|---|---|
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |

**૧૨. પ્રસ્તાવિત ક્રાફટ બિઝનેશ ડેવલપમેન્ટ સેન્ટર માટે ઉપલબ્ધ માનવ શક્તિની વિગત :**

| કુશળ કારીગર | બીન કુશળ | કામ કરવા ઇચ્છુક અને તાલીમની જરૂરીયાતિ હોય તેવા | ખરીદ–વેચાણ કૌશલ્ય ધરાવતા કારીગરો | ક્રાફટ બીઝનેશ સેન્ટર સંચાલન કરી શકે તેવા સભ્ય | અન્ય | કુલ |
|---|---|---|---|---|---|---|
| | | | | | | |

**૧૩. પ્રસ્તાવિત ક્રાફટ બિઝનેશ ડેવલપમેન્ટ સેન્ટર માટે કાચામાલની સેવા પુરી પાડનારાઓ :**

| ક્રમ | મુખ્ય કાચામાલનું નામ | માલ પુરો પડનારનું સરનામું |
|---|---|---|
| ૧ | | |
| ૨ | | |
| ૩ | | |
| ૪ | | |
| ૫ | | |
| ૬ | | |

**૧૪. અન્ય સેવાઓ કે પ્રોસેસીંગ સગવડ પુરી પાડનારાઓ :**

| ક્રમ | સેવાનું નામ / પ્રકાર | સેવા પુરી પાડનાર વ્યક્તિ / સંસ્થાનું નામ | પ્રસ્તાવિત ક્રાફટ બિઝનેશ સેન્ટર ના વિસ્તારમાં ઉપલબ્ધ છે ? | પ્રસ્તાવિત ક્રાફટ બિઝનેશ સેન્ટર ના વિસ્તાર બહારથી સેવા મેળવવી પડે છે ? |
|---|---|---|---|---|
| ૧ | | | | |
| ૨ | | | | |
| ૩ | | | | |

**૧૫. હાલની બજાર વ્યવસ્થા :**

| ક્રમ | વિગત | છેલ્લા પુરા થયેલ નાણાંકિય વર્ષનું વેચાણ મુલ્ય (રૂ.લાખમાં) |
|---|---|---|
| ૧ | પોતાના વેચાણ કેન્દ્રો/ ભંડાર દ્વારા વેચાણ | |
| ૨ | મોટા વેપારીઓને હોલસેલ વેચાણ | |
| ૩ | પ્રદર્શન દ્વારા વેચાણ | |
| ૪ | નિકાસ | |
| ૫ | ઓન લાઇન ઇ–માર્કેટીંગ | |
| ૬ | અન્ય | |
| | કુલ વેચાણ | |

**૧૬. તાજેતરમાં લેવામાં આવેલ હોય તેવા મહત્વના પગલાની વિગતો :**

| ક્રમ | વિગત | હા | ના | જો હા તો લીધેલ પગલાની ટુંકી વિગત |
|---|---|---|---|---|
| ૧ | નવી ડિઝાઇનો અને ઉત્પાદનોમાં વૈવિધ્ય લાવવા માટે કોઇ પગલા લીધેલ છે ? | | | |
| ૨ | માલના વેચાણ માટે નવી વેચાણ વ્યવસ્થા ની શોધ કરવામાં આવેલ છે ? | | | |
| ૩ | ઉત્પાદનોમાં કે કાચામાલમાં કોઇ શોધ /સુધારો કરવામાં આવેલ છે ? | | | |
| ૪ | છેલ્લા બે વર્ષ દરમ્યાન કારીગરોમાં કુશળતામાં વધારો કરવા તાલીમ આપવામાં આવેલ છે ? | | | |

**૧૭. પ્રસ્તાવિત ક્રાફટ બિઝનેશ ડેવલપમેન્ટ સેન્ટરના વિકાસથી આવતા પાંચ વર્ષ દરમ્યાન રોજગારી વધવાની શકયતા, ખાસ કરીને એસ.ટી/ એસ.સી. સ્ત્રીઓ અને પછાત વર્ગના સભ્યોમાં.**

| ક્રમ | વર્ષ | કુલ રોજગારી સર્જનની શકયતા | | | અન્ય | કુલ | કુલ પૈકી મહિલા |
|---|---|---|---|---|---|---|---|
| | | એસ.સી. | એસ.ટી. | ઓ.બી.સી. | | | |
| ૧ | ૨૦૧૬–૧૭ | | | | | | |
| ૨ | ૨૦૧૭–૧૮ | | | | | | |
| ૩ | ૨૦૧૮–૧૯ | | | | | | |
| ૪ | ૨૦૧૯–૨૦ | | | | | | |
| ૫ | ૨૦૨૦–૨૧ | | | | | | |
| | કુલ | | | | | | |

**૧૮. ક્રાફ્ટ બિઝનેશ સેન્ટર  હેઠળ હાલની પ્રવૃત્તિના વિકાસની શકયતાઓ :**

**૧૬. ક્રાફ્ટ બિઝનેશ સેન્ટર  હેઠળ પ્રસ્તાવિત પ્રવૃત્તિ ઉપરાંત અન્ય કુટિર ઉદ્યોગ ના વિકાસની શક્યતાઓ :**

**૧૭.  ક્રાફ્ટ બિઝનેશ સેન્ટર  રીબેટ કે સબસીડી જેવી સહાય સિવાય પણ પ્રવૃત્તિ ચાલુ રાખી શકશે?**

**૧૮.  સામાન્ય તકો અને પડકારોની વિગત આપો.**

**મુખ્ય તકો :**

**મુખ્ય પડકારો :**

**૧૯.  ક્રાફ્ટ બિઝનેશ ડેવલપમેન્ટ સેન્ટરની પસંદગી તથા ભલામણ માટેના મુખ્ય પરિબળો :**

**સહિઃ**

**નામઃ**

કચેરીનો સિક્કો

**હોદ્દોઃ**

**૨૦. અરજી સાથે  જોડવાના દસ્તાવેજોની વિગતઃ**

**૧. સંસ્થાના નોંધણીના પ્રમાણપત્રની વિગત**

**૨. સંસ્થાના બંધારણની વિગત**

**૩. છેલ્લા વર્ષના વાર્ષિક  અહેવાલ**

**૪. છેલ્લા વર્ષના ઓડીટ અહેવાલ**

**૫. માલીકી જમીન તથા મકાનના આધાર પુરાવા ( ૭–૧૨ અને ૮આ ઉતારા નકશા વિગેર)**

**૬. સંસ્થા પાસે ઉપલબ્ધ મેન પાવરની વિગત**

**૭. પ્રાથમિક પ્રોજેકટ  એહેવાલ**

***(પ્રાથમિક પ્રોજેકટ એહવાલમાં કાફટ બિઝનેશ ડેવલપમેન્ટ સેન્ટર હેઠળ હાથ ધરવામાં  આવનાર પ્રવૃતિઓની હાલની સ્થિતિ અને મુખ્ય સમસ્યા તથા તેના વિકાસની શક્યતાઓ વિગેર બાબતો આવરી લઈને તૈયાર  કરવાનો રહેશે.)***

## કમિશ્નર કુટિર અને ગ્રામોદ્યોગ
## ક્રાફટ બિઝનેશ ડેવલપમેન્ટ સેન્ટર (સી.બી. ડી. સી.) માટેનું દરખાસ્ત ચકાસણીનું
# ગ્રેડીંગ પ્રોફોર્મા

સંસ્થાનું નામઃ

સરનામુઃ

| | | | |
|---|---|---|---|
| ૧ | સંસ્થા કેટલા વર્ષ જુની છે? | વધુમાં વધુ સ્કોર પોઈન્ટ | મેળવેલ સ્કોર |
| | અ. ૩ થી ૫ વર્ષ – ૨ | ૪ | |
| | બ. ૫ થી ૭ વર્ષ – ૩ | | |
| | ક. ૭ વર્ષથી વધુ – ૪ | | |
| ૨ | સંસ્થા દ્વારા ISO 9000 સર્ટીફીકેટ મેળવેલ હોય તો –૨ | ૨ | |
| | FCRA રજીસ્ટ્રેશન મેળવેલ છે – ૧ | ૧ | |
| | વિદેશી ફંડ મેળવેલ હોય તો – ૧ | ૧ | |
| | છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન કેન્દ્ર કે રાજય સરકારની ગ્રાન્ટમાંથી કોઈ પ્રોજેકટ નું અમલીકરણ કરેલ હોય તો –૨ | ૨ | |
| | છેલ્લા ત્રણ વર્ષનું આઈટી રીટન ફાઈલ કરલ હોય તો – ૨ | ૨ | |
| | સંસ્થાનું રજીસ્ટ્રેશન ઈન્કમટેક્ષ એકટ—૨ ના સેકશન 12A અને 80G નોંધણી થયેલ હોય તો | ૨ | |
| ૩ | સંસ્થાની એકઝીકુયટીવ બોડીની વિગત | | |
| | અ. કમિટીના કોઈ મેમ્બરને હાથશાળા કે હસ્તકલાનો કોઈ રાષ્ટ્રીય એવોર્ડ મેળવેલ હોય તો | ૧ | |
| | બ. કમિટીમાં ૩૦ ટકાથી વધારે મહિલા સભ્યો હોય તો | ૧ | |
| | ક. કમિટીમાં ૩૦ ટકાથી વધારે એસ.સી. / એસ.ટી.ના સભ્યો હોય તો | ૧ | |
| | ડ. કમિટીમાં ઓછામાં ઓછા ૨ કારીગર સભ્યો હોય તો | ૧ | |
| ૪ | સંસ્થાની માળખાકીય વિગત | | |
| | અ. સંસ્થા પાસે ઉપલબ્ધ રેગ્યુલર સ્ટાફ ૩ થી ૫ –૧, ૫–૧૦ –૨, ૧૦ થી વધુ – ૩ | ૩ | |
| | બ. સંસ્થા પાસે ઉત્પાદનો વેચાણ માટે શો રૂમ હોય તો – ૪ | ૪ | |
| | ક. સંસ્થાની મિલકત<br>– સંસ્થાની માલીકીનું મકાન –૨<br>– સંસ્થાની માલિકનો શેડ – ૪<br>– સંસ્થાની માલિકીનો ખુલ્લો પ્લોટ – ૨<br>– સંસ્થા પાસે કોમ્પ્યુટર હાર્ડવેર ઉપલબ્ધ હોય તો – ૨ | ૨૦ | |
| | ડ. સંસ્થા પાસે પ્રવૃતિને અનુરૂપ આધુનિક સાધન–ઓજાર હોય તો – ૨ | ૨ | |

| | | | |
|---|---|---|---|
| ૫ | પ્રસ્તાવિત ક્રાફટ બિઝનેશ ડેવલપમેન્ટ સેન્ટર માટે ઉપલબ્ધ માનવ શક્તિ | | |
| | અ. કુશળ કારીગર<br>– ૧૦૦ સુધી – ૨<br>– ૧૦૧ થી ૨૦૦ – ૩<br>– ૨૦૧ થી ૩૦૦ – ૪<br>– ૩૦૧ થી ૫૦૦ – ૫<br>– ૫૦૧ થી વધારે – ૬<br>બ. બીન કુશળ કારીગર<br>– ૧૦૦ સુધી – ૧<br>– ૧૦૧ થી ૨૦૦ – ૨<br>– ૨૦૧ થી ૩૦૦ – ૩<br>– ૩૦૧ થી ૫૦૦ – ૪<br>– ૫૦૧ થી વધારે – ૫<br>ક. ખરીદ વેચાણના કૌશલ્ય ધરાવતા કારીગરો હોય તો – ૨<br>ડ. સેન્ટર સૈચાલન કરી શકે તેવા સભ્ય હોય તો – ૨ | ૧૫ | |
| ૬ | પ્રસ્તાવિત ક્રાફટ બિઝનેશ ડેવલપમેન્ટ સેન્ટર માટે પ્રવૃતિને અનુરૂપ અન્ય પ્રોસેસીંગ સેવા પુરી પાડવાનારોઓ સેન્ટરના વિસ્તારમાં હોય તો – ૩ | ૩ | |
| ૭ | હાલ ઉત્પાદન ચાલુ છે. હા – ૧ ના – ૦<br>છેલ્લા ત્રણ વર્ષનું સરેરાશ ઉત્પાદન<br>રૂ. ૧૦ લાખથી ઓછુ – ૧<br>રૂ. ૧૦ લાખથી ૨૫ લાખ – ૩<br>રૂ. ૨૫ લાખથી વધુ – ૫ | ૬ | |
| ૮ | છેલ્લા ત્રણ વર્ષનું સરેરાશ વેચાણ<br>રૂ. ૧૦ લાખથી ઓછુ – ૧<br>રૂ. ૧૦ લાખથી ૨૫ લાખ – ૩<br>રૂ. ૨૫ લાખથી વધુ – ૫ | ૫ | |
| ૯ | ઇ –માર્કેટીંગ માટે વેબ સાઇટ હોય તો – ૨<br>નિકાસ કરવામાં આવતી હોય તો – ૨ | ૪ | |
| ૧૦ | છેલ્લા ત્રણ વર્ષનો સરેરાશ નફો<br>રૂ. ૧ લાખથી ઓછુ – ૧<br>રૂ. ૧ લાખથી ૫ લાખ – ૩<br>રૂ. ૫ લાખથી વધુ – ૫ | ૫ | |
| ૧૧ | નવી ડિઝાઇનો અને ઉત્પાદનોમાં વૈવિદ્ય લાવવા માટે કોઇ પગલા લીધેલ હોય તો – ૧<br>માલના વેચાણ માટે નવી વેચાણ વ્યવસ્થા ની શોઘ કરવામાં આવેલ હોય તો – ૧<br>ઉત્પાદનોમાં કે કાચામાલમાં કોઇ શોઘ /સુધારો કરવામાં આવેલ હોય તો –૧<br>છેલ્લા બે વર્ષ દરમ્યાન કારીગરોમાં કુશળતામાં વધારો કરવા તાલીમ આપવામાં આવેલ હોય તો –૧ | ૪ | |
| ૧૨ | છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન મેળવેલ સરકારી ગ્રાન્ટની વિગત | ૫ | |

| | | | |
|---|---|---|---|
| | રૂ. ૧ લાખથી ઓછુ – ૧<br>રૂ.  ૧ લાખથી ૫ લાખ – ૩<br>રૂ. ૫ લાખથી વધુ   – ૫ | | |
| ૧૩ | પ્રસ્તાવિત ક્રાફટ બિઝનેશ ડેવલપમેન્ટ સેન્ટરના વિકાસથી આવતા પાંચ વર્ષ દરમ્યાન રોજગારી વધવાની શકયતા<br>૫૦૦ થી ૧૦૦૦ રોજગારીનો  તકો  –૨<br>૧૦૦૧ થી વધુ રોજગારીનો તકો – ૩<br>લભાર્થીઓમાં એસ.સી.એસ. ટી ૪૦ટકા થી વધુ હોય તો – ૨ | ૫ | |
| ૧૪ | સંસ્થા દ્વારા  પુરાતા  દસ્તાવેજો  જોડવામાં આવેલ છે? હા કે ના<br>પ્રાથમિક પ્રોજેકટ  એહેવાલ રજુ કરેલ હોય તો  – ૩ | ૩ | |
| ૧૫ | અન્ય કોઈ  બાબત  હોય તો | | |
| | રિમાર્કસઃ | | |

સંકલિત ઠરાવ

કુટિર ઉદ્યોગ માટેની ક્રાફ્ટ બિઝનેશ ડેવલપમેન્ટ સેન્ટર માટેની યોજના

**ગુજરાત સરકાર**
**ઉદ્યોગ અને ખાણ વિભાગ**
**ઠરાવ ક્રમાંક:-બજટ- ૧૦૨૦૧૬-૨૯૩ - ખ**
**સચિવાલય ગાંધીનગર**
**તા. ૨૬ – ૧૨ – ૨૦૧૬**

**વંચાણે લીધા:-**

(૧) ઉદ્યોગ અને ખાણ વિભાગના ઠરાવ ક્રમાંક: બજટ-૧૦૨૦૧૪-૨૯૩(ICO)-ખ તા.૧૮-૧૧-૨૦૧૪
(૨)સામાન્ય વહીવટ વિભાગનો પત્રક્રમાંક:- ગવય-૧૦૨૦૧૫-૮૦૦-(૩)-વસુતાપ્ર તા.૬-૭-૨૦૧૫
(૩) ઉદ્યોગ અને ખાણ વિભાગના ઠરાવ ક્રમાંક: સીઆઇપી-૧૦૨૦૧૬-૧૫૧- ખ તા.૧૫-૦૨-૨૦૧૬
(૪) કમિશ્નરશ્રી કુટિર અને ગ્રામોદ્યોગના પત્રક્રમાંક:-હકલ-ઘ-૮-૮૯૮-૨૦૧૬ તા. ૯-૧૧-૨૦૧૬

**પ્રસ્તાવના:-**

રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય બન્ને સ્તરે વધતી જતી ઔદ્યોગિક સ્પર્ધાને ધ્યાનમાં લેતાં, વૈશ્વિક વાતાવરણમાં પડકારોને પહોંચી વળવા માટે હાથશાળ અને હસ્તકલા ક્ષેત્રને સગવડ પુરી પાડવા એક કેન્દ્રીય છતાં સ્વતંત્ર અને સર્વગ્રાહી અભિગમ અપનાવવાની જરૂરિયાત જણાતા, મૂળભુત અને તકનીકી પૂર્વમંજુરી માળખાના વિકાસ, તકનીકીની કક્ષા ઉંચી લાવવી, ઉત્પાદકતામાં સુધારણા, કૌશલ્ય વિકાસ, ચકાસણીની સવલતો સુધારવી, મૂલ્યવર્ધન, ઉત્પાદનમાં વૈવિધ્ય લાવવું, પર્યાવરણને અનુકૂળ અને બજાર વિકાસ વિગેરેને લગતી સમસ્યાઓને આવરી લઇ સર્વગ્રાહી હાથશાળ અને હસ્તકલા- જૂથ વિકાસ યોજના – ક્રાફ્ટ બિઝનેશ ડેવલપમેન્ટ સેન્ટર (હસ્તકલા વ્યવસાય વિકાસ કેન્દ્ર) દ્વારા ગુજરાત રાજ્યના વિવિધ વિસ્તારોમાં સગવડ પુરી પાડવાની યોજના વંચાણે લીધા ક્રમ- (૧) સામેના તા.૧૮-૧૧-૨૦૧૪ ના ઠરાવ થી અમલમાં છે. જેમાં રાજ્ય સરકાર આ યોજના હેઠળ ₹. ૭ કરોડ સુધીના પરિયોજના ખર્ચ ઉપર ૭૦ % નાણાકીય સહાય પુરી પાડે છે અને બાકીનું ૩૦ % ભંડોળ લાભાર્થી કારીગર જુથનો ફાળો રહેશે એવી જોગવાઇ છે. પરિણામે યોજનાનો હેતુ પુરેપુરો બર ન આવતો હોવાનું સરકારશ્રીના ધ્યાને આવેલ. જે સબબ આ મુશ્કેલી નિવારવાની બાબત અંગે જાહેર ખાનગી સહભાગિતા પરિયોજના ( PPP) ને વેગ આપવા ક્રાફ્ટ્સ બિઝનેશ ડેવલપમેન્ટ સેન્ટર (C.B.D.C.) યોજનાના પ્રોજેક્ટ કોસ્ટમાં જરૂરી સુધારાઓ કરવા અંગેની બાબતને પણ આવરી લઇને વંચાણે લીધા ક્રમ-(૩) સામે દર્શાવેલ તા.૧૫-૦૨-૨૦૧૬ના ઠરાવથી અમલમાં આવેલ છે. જે અન્વયે કુટિર અને ગ્રામોદ્યોગ નીતિ-૨૦૧૬માં, જાહેર ખાનગી સહભાગિતા પરિયોજના ( PPP) ને વેગ આપવા ક્રાફ્ટ્સ બિઝનેશ ડેવલપમેન્ટ સેન્ટર (C.B.D.C.) યોજનાના પ્રોજેક્ટ કોસ્ટ અંગે સુધારા કરીને સંકલિત ઠરાવ બહાર પાડવા અંગેની વંચાણે લીધા ક્રમ-(૪) સામે દર્શાવેલ કમિશ્નરશ્રી કુટિર અને ગામોદ્યોગ કચેરીના તા.૯-૧૧-૨૦૧૬ના પત્રથી અત્રે મળેલ દરખાસ્ત તથા વંચાણે લીધા ક્રમ-(૩) સામે દર્શાવેલ સામાન્ય વહીવટ વિભાગના તા.૧૫-૦૨-૨૦૧૬ના પત્રથી મળેલ સૂચના અન્વયે પ્રસિદ્ધ થયા હોય તેવા તમામ પરિપત્રો/ ઠરાવોનું સંકલન કરીને જેમાં તમામ બાબતો આવરી લઇને સંકલિત ઠરાવ બહાર પાડવા અંગેની બાબત સરકારશ્રીની સક્રીય વિચારણા હેઠળ હતી

**ઠરાવ:-**

પુખ્ત વિચારણાને અંતે **વંચાણે લીધા ક્રમ-(૧) સામે દર્શાવેલ તા.૧૮-૧૧-૨૦૧૪નો ઠરાવ તેના પરિશિષ્ટ-૧ ના જોડાણ સહિત રદ કરીને, તેના સ્થાને** દરેક કેન્દ્ર દીઠ ₹. ૩ કરોડ થી ₹. ૭ કરોડ સુધીનો એકમ ખર્ચ ધરાવતી પોષણક્ષમ પરિયોજના ખર્ચ ઉપર, સરકાર સહભાગિતાના રૂપમાં જાહેર ખાનગી સહભાગિતા ( Public Private Partnership- PPP) ના અભિગમ મુજબ, ૭૦ % સુધી નો હિસ્સો રાજ્ય સરકારશ્રીનો અને બાકીનો ૩૦ % હિસ્સો એસપીવી/લાભાર્થી/હિતાધિકારીઓનો રહેશે" માટેની ક્રાફ્ટ બિઝનેશ ડેવલપમેન્ટ સેન્ટરની યોજનાનો સુધારેલ સંકલિત ઠરાવ તેના **પરિશિષ્ટ-૧** સહિતના જોડાણ સહિત નીચે દર્શાવેલ શરતો અને જોગવાઇઓને આધિન અમલમાં મુકવાનું આથી ઠરાવવામાં આવે છે.

માહીતીકામ શાખા
આવક ક્રમાંક ૬૭૧
તારીખ ૩૧/૧૨/૧૬

GMK & RTI
Gandhinagar
No : 7963
Date 31/12/16

**૧. ઉદ્દેશ :-**

હાથશાળ અને હસ્તકલા ક્ષેત્રમાં રોકાયેલા કારીગરોની જીવનશૈલી ઊંચી લાવવા માટે, ક્રાફ્ટ બિઝનેસ ડેવલપમેન્ટ સેન્ટર ની યોજના ના મુખ્ય ઉદેશો નીચે મુજબ છે.

**(એ)** કારીગરો ને સંગઠિત કરી તેમની ક્ષમત્તા વધારવી અને સ્થાનિક તેમજ વૈશ્વિક બજારમાં તેઓના ઉત્પાદિત માલને ખરીદ- વેચાણ અને અન્ય સહાયક સેવાઓ પુરી પાડવી

**(બી)** ડિઝાઈન સ્ટૂડિયોના નિર્માણ દ્વારા ડિઝાઈન વિકાસને યોગ્ય વેગ આપવો અને વ્યાવસાયિક ડિઝાઈનરોને સામેલ કરવા.

**(સી)** બદલાતી જતી બજાર માગને સંતોષવા માટે ઉત્પાદનો મુકરર કરવા વ્યાવસાયિક બજાર શૃંખલાઓ અને બજારકારોને સાંકળવા.

**(ડી)** તકનીકી પૂર્વજરૂરી માળખું, કાચી માલ સામગ્રી બેંક/ડેપો , ડિઝાઈન વિકાસ, ઉત્પાદનનું વૈવિધ્ય, ખરીદ વેચાણ અને પ્રોત્સાહન અને ધિરાણ માટે વ્યવસ્થા કરવી

**(ઇ)** સરકાર, લાભાર્થીઓ કારીગરો અને તેમનાં જૂથો, નાણાકીય શાખ ધરાવતાં અને વ્યાવસાયિક સાહસો સાથે જોડાણ ધરાવતી સંસ્થાઓ વચ્ચે સહભાગિતાના રૂપમાં જાહેર –ખાનગી સહભાગિતા (પબ્લિક પ્રાઈવ્વેટ પાર્ટનરશિપ –પીપીપી) મોડ્યુલની રચના કરવી

**૨. ક્રાફ્ટ બિઝનેશ ડેવલપમેન્ટ સેન્ટર નો વ્યાપ**

**૨.૧** ક્રાફ્ટ બિઝનેશ ડેવલપમેન્ટ સેન્ટર નો વ્યાપ હાથશાળ અને હસ્તકલા ક્ષેત્રના કારીગરોમાં શિક્ષણનો અભાવ, અપૂરતી કાર્યકારી મૂડી અને પ્રવર્તમાન બજાર વ્યવસ્થા અને ભાવ વગેરેને લીધે સતત પરિવર્તશીલ બજારમાગને સંતોષી શકતા નથી.આમ તકનિકીનું નીચું ધોરણ, આધાર માળખાની સવલતો, સહિયારું સવલત કેન્દ્ર ગુણવત્તા નિયંત્રણ પ્રયોગશાળા વેગેરે ખર્ચ/કિમત પર માઠી અસર કરતા પરિબળો જોડાય છે. આ મુશ્કેલીઓને નિવારવા માટે સંસ્થાકીય વિકાસ સાધવા આ પ્રવૃત્તિ સાથે જોડાયેલ આગળ પડતી સંસ્થાઓ સાથે જાહેર-ખાનગી સહભાગિતા (PPP)મોડ્યુલની રચના કરવી આવશ્યક છે.

**૨.૨** દરેકજૂથ/કલસ્ટરની સહાયના પ્રકાર અને કક્ષા, જરૂરિયાત આધારિત હશે. અને તેમાં આઉદ્દેશોમાં પ્રૌદ્યોગિકીની કક્ષા ઊંચી લાવવી, ઉત્પાદનનું વૈવિધ્ય, બેંક ધિરાણ બજારવિકાસ,પૂર્વવર્તીઅને અનુવર્તી જોડાણો (ફોરવર્ડ અને બેકવર્ડ લિંકેજ,માનવ સંશાધનો અને કૌશલ વિકાસ, ભૌતિકમાળખું, નિકાસ અને ખરીદ વેચાણ, કાર્યકારી મૂડી માટે ધિરાણની વ્યવસ્થા કાચી માલસામગ્રીના બેંક/ડેપો માટે ફંડ જેવા ઘટકોનો સમાવેશ થશે.

**૨.૩** ઉકત યાદી ઉદાહરણરૂપ છે. સ્થાનિક જરૂરિયાતોને અનુકૂળ થવા માટે તેમાં ફેરફારનેઅવકાશ રહેશે. પરિયોજના મંજૂરી અને દેખરેખ નિયંત્રણ સમિતિ(પ્રોજેક્ટ એપ્રુવલ એન્ડ મોનિટરિંગ કમિટિ–પીએએમસી) દરખાસ્તને ધ્યાને લઈ પરિયોજનાના ખર્ચમાં આ ઘટકોનો સમાવેશ કરવો કે નહીં તેનો ગુણદોષના આધારે નિર્ણય કરશે.

**૩. પ્રભાગવાર સહાય :-**

આ પરિયોજના હેઠળ જૂથ તરીકે મુકરર કરવાના દરેક કેન્દ્રમાં ઓછામાં ઓછા ૧૦૦ થી૩૦૦ કારીગરો રહેશે. સહાયકીનું પ્રમાણ જૂથની જરૂરિયાત, જૂથ વિકાસ પરિયોજનામાં વિચારેલી પ્રવૃત્તિના વ્યાપ, કલસ્ટરના જુથની તકનીકી, નાંણાકીય અને વ્યવસ્થાપકીય ક્ષમતા, પરિયોજનાની કક્ષા અને જૂથના કામગીરીના રેકર્ડ વગેરેના આધારે જરૂરિયાત આધારિત રહેશે.

દરેક જૂથ માટે મહત્તમ પરિયોજના ખર્ચ, દશ વર્ષના સમયગાળા માટે જૂથ દીઠ **₹.** ૭ કરોડથી વધશે નહીં. અને આ યોજના હેઠળ આવા દરેક કેન્દ્ર દીઠ **₹.** ૩ કરોડ થી **₹.** ૭ કરોડ સુધીનો એકમ ખર્ચ ધરાવતી પોષણક્ષમ પરિયોજના ખર્ચ ઉપર, સરકાર સહભાગિતાના રૂપમાં જાહેર ખાનગી સહભાગિતા (Public Private Partnership- PPP) ના અભિગમ મુજબ, ૭૦ % સુધી નો હિસ્સો રાજ્ય સરકારશ્રીનો અને બાકીનો ૩૦ % હિસ્સો **(પરીશિષ્ટ-૧ મુજબ)** એસપીવી/લાભાર્થી/હિતાધિકારીઓનો રહેશે"

## ૪. પરિયોજનાના ઘટકો

૪.૧ ડાયગ્નોસ્ટિક સર્વે અને વિસ્તૃત પરિયોજના અહેવાલ (ડિટેઈલ્ડ પ્રોજેક્ટ રિપોર્ટ–DPR)
(જિલ્લાવાર ₹. ૨ લાખ અને કુલ ₹. ૪ લાખની મહત્તમ મર્યાદામાં)

મુકરર કરાયેલા હાથશાળ અને હસ્તકલા સ્થિત વિસ્તારોનો ડાયગ્નોસ્ટિક સર્વે, એ આવા વિસ્તારોને સ્વનિર્ભર કરવા માટે જરૂરી એવી વિશિષ્ટ દરમિયાનગીરી નક્કી કરવા માટે જરૂરી છે. વિસ્તૃત પરિયોજના અહેવાલ(ડિટેઈલ્ડ પ્રોજેક્ટ રિપોર્ટ–DPR)માં આ યોજનામાં પ્રવૃત્તિદીઠ નાણાકીય જરૂરિયાત, નાણાં છૂટા કરવાની પધ્ધત્તિ, અમલ કરવાની સમય મર્યાદા વગેરે સહિત આ યોજનાના જુદા જુદા ઘટકો માટે હાથ ધરવાની દરેક પ્રવૃત્તિ હેઠળની જરૂરી વિગતો અંગે અભિપ્રાય આપશે.આ અંગેનો ખર્ચ SPV દ્વારા, યોજનાના ભંડોળ માંથી સ્ટેટ લેવલ પ્રોજેક્ટ મોનીટરીંગ કમિટી ની મંજૂરી બાદ ચૂકવવામાં આવશે.

પ્રોજેક્ટના કદને ધ્યાને લઈ એક જિલ્લાના ડાયગ્નોસ્ટિક સર્વે તથા વિસ્તૃત પરિયોજના અહેવાલ (ડિટેઈલ્ડ પ્રોજેક્ટ રિપોર્ટ–DPR) અંગ્રેજી તથા ગુજરાતીમાં પાંચ નકલમાં રજૂ કરવા માટે જિલ્લાવાર ₹. ૨ લાખ બે થી વધારે જિલ્લા હોય તો પણ કુલ ₹. ૪ લાખની મહત્તમ મર્યાદામાં મંજૂર કરવામાં આવશે.

### ૪.૨ આધુનિક સાધન સામગ્રી (ટુલ્સ ઇક્વીપમેન્ટ) સહાયઃ–

હાથશાળ અને હસ્તકલા સેક્ટરમાં કારીગરો પારંપરિક સાધનોનો ઊપયોગ કરી ઉત્પાદન કરે છે જેમાં માનવ કલાકો અને માનવ શક્તિ વધારે વપરાય છે તેમજ સતત એક પ્રકારની જ ડીઝાઇનમાં ઉત્પાદન થાય છે. આ યોજના અમલમાં મૂકવાથી કારીગરો ને નવી ડીઝાઇનો તથા આધુનિક યંત્ર સામગ્રીનો લાભ મળશે જેનાથી ઉત્પાદન અને ગુણવત્તા વધશે. તેમજ માનવ શ્રમ તથા ઉત્પાદન ખર્ચ માં ઘટાડો થશે અને તે રીતે કારીગરોની આવકમાં વધારો થશે. આ યોજના હેઠળ આપવામાં આવતી સહાય પ્રવૃત્તિને સબંધિત ટેકનિકલ તાલીમ અને મશીનરી માટે આપવાની રહેશે.

### ૪.૩ ડિઝાઈન વિકાસ અને ઉત્પાદનમાં વૈવિધ્યીકરણઃ–

આ યોજના હેઠળ ડિઝાઈન વિકાસ, ગુણવત્તા સુધારણા દ્વારા હાલની ઉત્પાદન શ્રેણીઓની કક્ષા ઊંચે લાવવા અને વૈવિધ્યીકરણ કરવા હાથશાળ અને હસ્તકલાના ક્ષેત્રના ઉત્તેજન અને વિકાસ માટે ડિઝાઈનરો, ટેકનીશીયનો, બજારો અને વિવિધ માલ–સામગ્રીના કારીગરો વચ્ચે નિભાવક્ષમ જોડાણો સ્થાપિત કરવાં જરૂરી છે, જેથી સમકાલીન બજારની આવશ્યકતાને સંતોષી શકાય. જે માટે ઉત્કૃષ્ટતા કેન્દ્ર (સેન્ટર ફોર એક્સિલન્સ – COE) સ્થાપવા માટે નિદર્શન સહ પ્રદર્શન ખંડ, સેમિનાર ખંડ, કોમન ફેસેલીટી સેન્ટર અને ગોદામ તથા ડિઝાઈન સ્ટુડિયો સ્થાપવા માટે સંસ્થાના નામે ૫૦૦૦ ચો.ફુટ જમીન ઉપલબ્ધ હોય તેને સહાયકી પૂરી પાડવામાં આવશે.

બજારના પડકારોનો સામનો કરવા હાથશાળ અને હસ્તકલાના કારીગરોને અનુકૂલન સાધવા અને સુધારેલી ગુણવત્તા ધરાવતાં વૈવિધ્યસભર ઉત્પાદનો માટે તાલીમ અને પુન:તાલીમ અગત્યના નિવેશો છે. આ યોજના આ સેક્ટરના કારીગરોને તકનિકી વિકાસ અને વ્યવસ્થાપકીય કૌશલ્યોને લગતી સમસ્યાઓ અંગે સર્વગ્રાહી અભિગમ પૂરો પાડશે.

### ૪.૪ કાચી માલસામગ્રી માટે ફંડ (રો મટીરીયલ બેન્ક)

ગુજરાતમાં સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય બજાર એમ બન્ને ક્ષેત્રે સમાજનાં વિવિધ ઘટકોની વિવિધતા સભર જરૂરિયાતો સંતોષવા માટે હાથશાળ અને હસ્તકલા ઉદ્યોગમાં કાષ્ઠ (લાકડું), ધાતુ, વસ્ત્રો અને યાર્ન જેવી જુદી જુદી સામગ્રીમાંથી બનેલી વિવિધ શ્રેણીઓનો ઊપયોગ થાય છે. છતાં, આ સેક્ટરની સમસ્યાઓમાં વાજબી બજાર ભાવે ગુણવત્તાયુક્ત કાચી માલસામગ્રી મેળવવી એ મુખ્ય સમસ્યા છે.

આથી, ઉત્પાદનમાં કાચી માલસામગ્રીનું મહત્ત્વ જોતાં, વાજબી ભાવે મૂલ્યવર્ધન ઉત્પાદનોને મંચ પૂરો પાડવા માટે સ્વીકૃત ગુણવત્તા ધરાવતી કાચી માલસામગ્રીનો પુરવઠો મળે એ સુનિશ્ચિત કરવા માટે જૂથોમાં કાચી માલસામગ્રીનો એક ડેપો ખોલવો જરૂરી છે.તેથી, ડેપો ખોલવા માટે તેમજ કાચી માલસામગ્રી(રો મટીરીયલ) ની ખરીદી તેમજ કાર્યકારી મૂડી સહેલાઇ થી ઉપલબ્ધ થાય તે માટે ધિરાણ માટે સમિતિ દ્વારા બેંક ને ભલામણ કરવામાં આવશે.

નાણાકીય સંસ્થાઓમાંથી ધિરાણ મેળવવા માટે ભલામણ કરવામાં આવશે અને મેળવેલ ધિરાણ ઉપરના વ્યાજમાં ૬ ટકા વ્યાજ સહાય આપવામાં આવશે. આ રકમનો સમાવેશ પ્રકીર્ણ પ્રભાગ માં રીવોલ્વીંગ ફંડ તરીકે કરવાનો રહેશે.

### ૪.૫ સેન્ટર ફોર એક્સીલન્સ અને કોમન ફેસેલીટી સેન્ટર ની સ્થાપનાનું માળખુઃ-

આ યોજના હેઠળ તાલીમ આપવા, ઉત્પાદન વિકાસ, માહિતીના પ્રચાર,ચકાસણી તૈયાર માલને પેક કરવાની કામગીરી હાથ ધરવા ઉત્કૃષ્ટતા કેન્દ્ર (સેન્ટર ફોર એક્સિલન્સ-COE) સ્થાપવા માટે સહાયકી નીચેની વિગતે આપવામાં આવશે.

- નિદર્શન સહ પ્રદર્શન ખંડ,
- સેમિનાર ખંડ,
- ડિઝાઈન સ્ટુડિયો,
- કોમન ફેસિલીટી સેન્ટર અને ગોદામ

વિસ્તૃત પરિયોજના અહેવાલમાં દર્શાવેલી અન્ય કોઈ પણ બાબત ઉત્કૃષ્ટતા કેન્દ્ર (સેન્ટર ફોર એક્સિલન્સ-COE) માં સ્થાપવામાં આવશે. ઉત્કૃષ્ટતા કેન્દ્ર (સેન્ટર ફોર એક્સિલન્સ- COE) માં સમગ્ર વર્ષ દરમિયાન મુલાકાતીઓને આકર્ષવા માટે, ખાસ કરીને પ્રવાસન વિભાગ સાથે સંકલન સાધીને ઉત્સવોના સમય દરમિયાન લગાતાર પ્રયાસો કરવામાં આવશે.
સીઓઇ હાઉસ ખાતે કેટલીક સવલતો ઊપયોગકર્તાના ખર્ચે ચલાવવામાં આવશે અને શરૂ કરવામાં આવેલી સવલતો જૂથ અને જૂથ સાથે સંકળાયેલા તમામ કારીગરો માટે ઉપલબ્ધ રહેશે.

### ૪.૬ બજાર વિકાસઃ-

આ યોજનાનો આ પ્રભાગમાં સેન્ટર દ્વારા ગુજરાત રાજ્ય હાથશાળ અને હસ્તકલા વિકાસ નિગમ સાથે સમગ્ર દેશમાં વ્યૂહાત્મક સ્થળોએ ખરીદ વેચાણ કાર્યક્રમો યોજીને તથા હાલનાં ખરીદ વેચાણ કેન્દ્રોમાં વધારો કરીને અને કારીગરોને વળતરરૂપી ભાવોથી તેમનાં ઉત્પાદનોનું સીધું વેચાણ કરવા આમંત્રિત કરવાના ફ્રેન્ચાઇઝ સ્થાપવા નવા ખરીદ-વેચાણ કેન્દ્રો ઊભાં કરીને લોકોમાં ગરવી-ગુર્જરી ની બ્રાંડ ઊભી કરવાનો અને જાગૃતિ પેદા કરવાનો બેવડો ઉદ્ધેશ ધરાવે છે, ખરીદ-વેચાણ કાર્યક્રમોમાં વેચાણકર્તા-ગ્રાહક મેળાવળા, પ્રતિનિધિ જૂથ તરીકે વિદેશોમાં સહભાગિતા, સ્થાનિક પ્રદર્શનોમાં સહભાગિતા, જૂથ માટેની વિશિષ્ટ વેબસાઈટ શરૂ કરવી અથવા તો ઓન લાઈન વેચાણ સુધારણા, સહિયારાં ઈ-કોમર્સ પોર્ટલ ઊભાં કરવાં,બજાર માહિતીની મોજણી કરવી વગેરેનો સમાવેશ કરવામાં આવશે. સમગ્ર દેશમાં અને અન્ય દેશોમાં ગરવી-ગુર્જરી બ્રાંડ હેઠળ ચાવીરૂપ સ્થળો ખાતે નવા રિટેઈલ સ્ટોરની સ્થાપના કરવી અથવા તેમાં કેન્દ્રો શરૂ કરવાં કે કામગીરી આધારિત ફ્રેંચાઇઝ મોડલ દ્વારા હાલનાં કેન્દ્રોમાં ગરવી-ગુર્જરી ની બ્રાંડ ધરાવતાં ઉત્પાદનોનું વેચાણ શરૂ કરવાની વિચારણા કરી શકાશે.

### ૪.૭ પ્રચાર, પ્રસાર,જાહેરાત –

ભારતમાં હાથશાળ અને હસ્તકલાનાં ઉત્પાદનોને ગરવી-ગુર્જરી બ્રાંડ તરીકે રજૂ કરવા અને વિવિધ ઉત્પાદનો વિશે જાગૃતિ કેળવવા માટે આ રીતે ગુજરાતમાંથી હાથશાળ અને હસ્તકલાનાં ઉત્પાદનોનાં વેચાણને વધારવા માટે આંતરિક પ્રચાર વીડિયો ફિલ્મોનું નિર્માણ, મુદ્રણ અને વીજાણુ માધ્યમો દ્વારા પ્રચાર, શહેરોમાં વ્યૂહાત્મક સ્થળોએ પાટિયાં, બ્લો અપ, બેનર મૂકવાં, વિશિષ્ટ વેબસાઈટ, કેટેલોગ, ફેશન શો, સીડી તૈયાર કરવી વગેરે જેવાં માહિતી પ્રૌદ્યોગિકી (આઈટી) સંબંધિત માધ્યમો દ્વારા પ્રચાર અને ભારતમાં સાંસ્કૃતિક આદાન-પ્રદાન કાર્યક્રમો સાથે જોડાયેલાં સ્થળો ખાતે યોજાતા મહત્ત્વના રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કાર્યક્રમોની સામાન્ય જાહેરાતો તથા ગુજરાત રાજ્ય હાથશાળ અને હસ્તકલા વિકાસ નિગમની ભલામણથી અન્ય કાર્યક્રમો માટે માહિતી પત્રિકાઓ, બ્રોશર, ફોલ્ડરના મુદ્રણ અને પ્રકાશન માટે પણ નાણાંકીય સહાયકીની વિચારણા કરવામાં આવશે.

યોજનાનો પ્રચાર, દેખરેખ નિયંત્રણ, અન્વેક્ષણ, સંશોધન અને સેમિનાર, માહિતીનો પ્રસાર, વહીવટી ખર્ચ, તાલીમ, અભ્યાસો, આઈટીથી સજ્જ દેખરેખ તંત્ર અને મૂલ્યાંકન વગેરે માટે રાજ્ય સરકાર તરફથી પ્રભાગની સૂચવેલ નિયત મર્યાદામાં સહાય મળવા પાત્ર થશે.

### ૪.૮ નિકાસઃ-

હાથશાળ અને હસ્તકલાની નિકાસ એક મુખ્ય ધરીની ભૂમિકા ધરાવે છે અને મુખ્ય વિદેશી હુંડિયામણ કમાતા સેક્ટર તરીકે તેની ગણના થાય છે. મુક્ત વૈશ્વિક વેપાર સામે સ્પર્ધાત્મક ભાવ ધરાવતાં ગુણવત્તાયુક્ત ઉત્પાદનો પૂરાં પાડે તે જ ટકી શકે છે. વિકસિત બજારમાં નવી ડીઝાઇન ધરાવતી વસ્તુઓ માટેની તકો સર્જાઈ રહી છે ત્યારે હાથશાળ અને હસ્તકલાનું સેક્ટર વૈશ્વિક સ્પર્ધામાં ટકી શકે તેથી, આ યોજના હેઠળ બ્રાંડ પ્રવર્તન, પ્રદર્શનો, ખરીદદારો-વેચાણકારો મેળાવળા, આંતરરાષ્ટ્રીય પ્રદર્શનોમાં ભાગીદારી, ગોદામો, વગેરે મારફત નિકાસ બજારને આગળ ધપાવવા માટે સહાયકી આપવામાં આવશે.

### ૫. SPV ની રચના અને કારીગરોનું એકત્રિકરણઃ-

આ યોજનાના અમલીકરણ માટે એક એસ.પી.વી. (Special Purpose Vehicle)ની રચના, નીચે મુજબ ક્રાફ્ટ બિઝનેશ સેન્ટર દીઠ કરવામાં આવશે.

નીચે પ્રમાણેની કોઇ પણ એક N.G.O./રાજ્ય સરકારનું જાહેર સાહસ/નિગમ/સોસાયટી

(૧) ગુજ. સહકારી અધિનિયમ ૧૯૬૧ હેઠળ નોંધાયેલ ઔધોગિક સહકારી મંડળી,

(૨) નોંધાયેલા જાહેર ટ્રસ્ટ

(૩) કારીગરોની પ્રવૃત્તિ સાથે સંકળાયેલા રાજ્ય સરકારના જાહેર સાહસો/નિગમો

આ પરિયોજના અંતર્ગત ઉપર્યુક્ત દર્શાવેલ યાદી પૈકી જે સંસ્થાની પ્રાથમિક દરખાસ્ત, કલસ્ટર મેનેજમેન્ટ એન્ડ ટેકનીકલ એજન્સી (સી.એમ.ટી.એ) તરીકે ગુજરાત માટીકામ કલાકારી અને ગ્રામ ટેકનોલોજી સંસ્થા સમક્ષ રજૂ કરવાની રહેશે. જે ઠરાવની શરતો અનુસારની યોગ્ય દરખાસ્તો, રાજયકક્ષાની કમિટીમાં ભલામણ કરશે. જે સંસ્થાની પ્રાથમિક દરખાસ્ત મંજૂર થયેલ હશે તે સંસ્થા એસ.પી.વી. તરીકે કાર્ય કરશે તેની વ્યવસ્થાપક કમિટી/સ્ટીયરીંગ કમિટીમાં કમિશનર, કુટીર અને ગ્રામોધોગ દ્વારા આ હેતુ માટે નિયુકત કરેલા બે અધિકારીઓને સભ્ય તરીકે સામેલ કરવાના રહેશે.

### ૬. કલસ્ટર મેનેજમેન્ટ એન્ડ ટેકનિકલ એજન્સી (CMTA)

ક્રાફટ બિઝનેસ ડેવલપમેન્ટ સેન્ટર પરિયોજના અન્વયે તાંત્રિક, વ્યાવસાયિક,માળખાકીય નિર્માણ વગેરે હેતુઓ સિધ્ધ કરવા માટે માટીકામ કલાકારી અને ગ્રામ ટેકનોલોજી સંસ્થા (GMK&RTI)ને કલસ્ટર મેનેજમેન્ટ એન્ડ ટેકનિકલ એજન્સી(CMTA) તરીકે રોકવામાં આવશે.

જૂથ વ્યવસ્થાપન અને તકનિકી સંસ્થા (કલસ્ટર મેનેજમેન્ટ એન્ડ ટેકનિકલ એજન્સી-સીએમટીએ) દરમિયાનગીરીઓના અમલમાં જૂથ- હિતાધિકારીઓ અને એસપીવી સાથે સર્વ સંમતિથી હકારાત્મક રીતે કામ કરશે. તેની જવાબદારીઓની ઉદાહરણાત્મક યાદી નીચે પ્રમાણે છે;

- નિદાન અભ્યાસ કરવો.
- અહેવાલ તૈયાર કરવો
- સૂચિત પરિયોજનાના ભાગ બનતા હોય એવા હિતાધિકારીઓને સમજાવવા અને તેનું સંગઠન રચવું
- એસપીવીની રચના અને અમલનું માળખું તૈયાર કરવું
- પરિયોજના માટે ભંડોળ છૂટું કરવા/એકત્ર કરવામાં એસવીપીને સહાય કરવી . આવું એકત્રીકરણ કરવામાં બેંક તરફથી આપવામાં આવતી લોન સિવાય સરકારની સંબંધિત યોજના હેઠળની દરખાસ્તો તૈયાર કરવાનો સમાવેશ થશે.
- વૈધાનિક બહાલીઓ/મંજૂરીઓ મેળવવામાં એસવીપીને મદદ કરવી
- વિસ્તૃત પરિયોજના અહેવાલ(ડિટેઈલ્ડ પ્રોજેક્ટ રિપોર્ટ-ડીપીઆર)માં દર્શાવેલી દરમિયાન ગીરીઓના અમલ માટે વિશિષ્ટ હાથશાળ પ્રૌદ્યોગિકી, પ્રક્રિયા ડિઝાઈન તૈયાર કરવી, કૌશલ વિકાસ બજાર વ્યવસ્થા, નાણાં વ્યવસ્થા, વગેરે સંબંધી વિવિધ સેવાઓ માટે સેવા પૂરી પાડનારાઓ/ પરામર્શકો નિયત કરવા અને રોકવામાં એસપીવીને સહાય કરવી.
- એસપીવી અને અન્ય વિવિધ હિતાધિકારીઓ, ખાસ કરીને સરકારી સંગઠનો, ખરીદકારો અને નાણાકીય સંસ્થાઓ વચ્ચે પરસ્પર સહાય અને જોડાણો પૂરાં પાડવાં.
- ઉલ્લેખ કરાયેલાં પરિણામોની સિદ્ધિની બાબતમાં સરકારશ્રીમાં પ્રગતિ અહેવાલો રજૂ કરવા.

- ➢ જૂથ વ્યવસ્થાપન અને તકનિકી સંસ્થા (કલસ્ટર મેનેજમેન્ટ એન્ડ ટેકનિકલ એજન્સી–સીએમટીએ) એ સેન્ટરને અનુરૂપ વિશિષ્ટ કર્મચારી વર્ગની સેવાઓ મેળવવાની રહશે અને સેન્ટરની તમામ પ્રવૃતિનું સતત મોનીટરીંગ કરવાનું રહેશે.
- ➢ કલસ્ટર મેનેજમેન્ટ એન્ડ ટેકનિકલ એજન્સી(સીએમટીએ) ને તેઓની સેવા બદલ મંજૂર થયેલ પ્રભાગના ખરેખર થયેલ ખર્ચને ધ્યાને લઇ ૨ ટકા સર્વિસ ચાર્જ ચુકવવામાં આવશે.

**૭. અમલની પદ્ધતિ અને માળખુઃ–**

આ યોજના અમલીકરણ નીચે પ્રમાણે કરવામાં આવશે.અને તેના અમલી કરણની પદ્ધતિ કમિશનર, કુટીર ઉદ્યોગ દ્વારા ઠરાવ આધારીત વિસ્તુત પરિપત્ર કરી કાર્ય પ્રણાલી નકકી કરવામાં આવશે.

**(એ)** યોજનાને વિસ્તુત પ્રસિધ્ધિ આપી રસ ધરાવતી સંસ્થાઓ પાસેથી દરખાસ્તો મેળવી સી.એમ.ટી.એ દ્વારા વિસ્તૃત ભલામણ સહ નીચે મુજબની રાજય કક્ષાની પરિયોજના મંજૂરી સમિતિ સમક્ષ, મંજૂરી માટે રજૂ કરવામાં આવશે.

(૧) અગ્રસચિવશ્રી,(કુટીર અને ગ્રામોદ્યોગ) ઉદ્યોગ અને ખાણ વિભાગ — અધ્યક્ષશ્રી
(૨) કમિશ્નરશ્રી, કુટીર અને ગ્રામોદ્યોગ, ગાંધીનગર — સભ્ય સચિવશ્રી
(૩) સંયુકત નાયબ સચિવશ્રી (કુ.ઉ.), ઉદ્યોગ અને ખાણ વિભાગ — સભ્યશ્રી
(૪) નાણાકીય સલાહકારશ્રી, ઉદ્યોગ અને ખાણ વિભાગ. — સભ્યશ્રી
(૫) નિયામકશ્રી,માટીકામ કલાકારી અને આર.ટી.આઇ., ગાંધીનગર — સભ્યશ્રી
(૬) મેનેજીંગ ડીરેકટરશ્રી,ગુ.રા. હાથશાળ અને હસ્તકલા વિકાસ નિગમ લી. — સભ્યશ્રી
(૭) મેનેજીંગ ડીરેકટરશ્રી,ગ્રીમકો,ગાંધીનગર — સભ્યશ્રી
(૮) નાયબ નિયામકશ્રી, ડેવલપમેન્ટ કમિશનર (હેન્ડીક્રાફટ),અમદાવાદ — સભ્યશ્રી
(૯) નાયબ નિયામકશ્રી, વિવર્સ સર્વિસ સેન્ટર, અમદાવાદ — સભ્યશ્રી
(૧૦) નેશનલ ઇન્સ્ટીટ્યૂટ ઓફ ફેશન ટેકનોલોજી,ગાંધીનગરના પ્રતિનિધિ — સભ્યશ્રી
(૧૧) નેશનલ ઇન્સ્ટીટ્યૂટ ઓફ ડીઝાઇન,ગાંધીનગરના પ્રતિનિધિ — સભ્યશ્રી

**(બી)** મંજૂર થયેલા ક્રાફટ બીઝનેસ ડેવલપમેન્ટ સેન્ટર ના અમલીકરણ અને પ્રભાગવાર સહાય વિગેરેની મંજૂરી અને સમીક્ષા માટે નીચે મુજબની સ્ટેટ લેવલ પ્રોજેક્ટ મોનીટરીં કમિટિ (SPMC) રહેશે.

(૧) કમિશ્નર,કુટીર અને ગ્રામોદ્યોગ, ગાંધીનગર — અધ્યક્ષ
(૨) સંયુકત નિયામકશ્રી (ટેક્ષટાઇલ),કુટીર અને ગ્રામોદ્યોગ, ગાંધીનગર — સભ્ય સચિવશ્રી
(૩) હિસાબી અધિકારીશ્રી કુટીર અને ગ્રામોદ્યોગ, ગાંધીનગર — સભ્યશ્રી
(૪) નાયબ નિયામકશ્રી,(પેકેજ) કુટીર અને ગ્રામોદ્યોગ, ગાંધીનગર — સભ્યશ્રી
(૫) એસ.પી.વી. (Special Purpose Vehicle) ના પ્રતિનિધિ — સભ્યશ્રી
(૬) કલસ્ટર મેનેજમેન્ટ એન્ડ ટેકનિકલ એજન્સી –સીએમટીએ — સભ્યશ્રી

- ➢ રાજય કક્ષાની પરિયોજના મંજૂરી સમિતિ સમક્ષ સી.એમ.ટી.એ દ્વારા વિસ્તૃત ભલામણ સહ મંજૂરી માટે ડીટેલ્ડ પ્રોજેકટ રીપોર્ટ (**ડી.પી.આર.**) રજૂ થયેથી તેને વિચારણામાં લઇ પરિયોજનાની અર્થક્ષમતા તથા યોગ્યતા તપાસી દરખાસ્ત મંજૂરી/ના મંજૂરી ના નિર્ણય લેવામાં આવશે.
- ➢ સચિવશ્રી કુટીર અને ગ્રામોદ્યોગના અધ્યક્ષ સ્થાને અન્ય અધિકારીઓની સભ્ય તરીકે નિમણૂંક કરી સ્ટેટ લેવલ પ્રોજેકટ મોનીટરીંગ કમિટિ(SPMC)ની રચના કરવાની રહેશે.
- ➢ સ્ટેટ લેવલ પ્રોજેકટ મોનીટરીંગ કમિટિ (SPMC)માં CMTA દ્વારા એસ.પી.વી. (Special Purpose Vehicle) મારફત વિગતવાર ડાગ્નોસ્ટીક સર્વે બાદ તૈયાર કરવામાં આવેલ ડીટેલ્ડ પ્રોજેકટ રીપોર્ટ (ડી.પી.આર.) મંજૂરી અર્થે રજૂ કરવાનો રહેશે.
- ➢ ડીટેલ્ડ પ્રોજેકટ રીપોર્ટ (ડી.પી.આર.)મુજબની જમીન એસ.પી.વી. (Special Purpose Vehicle) એ ઉપલબ્ધ કરાવવાની રહેશે. જેની માન્ય કિંમત કોમન ફેસીલીટી સેન્ટર અને સેન્ટર ફોર એક્સીલન્સ ની સ્થાપના માટેની સહાયકીમાં સંસ્થાએ આપવાના થતા ફાળામાં ગણતરીમાં લેવાની રહેશે.

## ૮. સૂચિત યોજનાના વિતરણ પાત્ર લાભઃ-

- હાથશાળ અને હસ્તકલા ક્ષેત્રમાં કારીગરોની રોજગારની જાળવણી.
- ઘરગથ્થુ અને આંતરરાષ્ટ્રીય-બન્ને કક્ષાએ બદલાતી બજારમાગને અનુકૂળ ઉત્પાદનોમાં વૈવિધ્યીકરણને પ્રોત્સાહન આપવું
- ઉત્પાદનોમાં નોંધપાત્ર વધારો
- માળખામાં સુધારણા કરીને તથા નિવેશ-પુરવઠો વધારીને ઉત્પાદન ખર્ચ ઘટાડવું
- કારીગરોની આવક વધારવી
- કારીગરોનું જીવનધોરણ સુધારવું.

## ૯. પરિયોજનાની મુદતઃ-

- રાજ્ય કક્ષાની પરિયોજના મંજૂરી સમિતિ (સ્ટેટ લેવલ પ્રોજેક્ટ એપ્રુવલ કમિટિ-SPAC) પરિયોજના મંજુર થયા બાદ વધુમાં વધુ ત્રણ વર્ષમાં પરિયોજનાના તમામ તબક્કા પૂર્ણ કરવાના રહેશે. પરીયોજનાની મુદત, ઉત્પાદન પ્રક્રિયા શરૂ થયા બાદ ૧૦(દસ) વર્ષની રહેશે.
- અનિવાર્ય સંજોગોમાં એસ.પી.વી. (Special Purpose Vehicle) દ્વારા રજૂઆત થયેથી સ્ટેટ લેવલ પ્રોજેક્ટ એપ્રુવલ કમિટિ-(SPAC) પરિયોજના મંજૂર થયા બાદ ઉકત ત્રણ વર્ષની મુદતમાં પરિયોજનાના તમામ તબક્કા પૂર્ણ કરવાના રહેશે.
- પરિયોજના ઉપરોકત સમય મર્યાદામાં પરિપૂર્ણ ન થાય તેવા સંજોગોમાં આપેલ સહાય વ્યાજ સહિત પરત કરવાની જવાબદારી એસ.પી.વી. (Special Purpose Vehicle) ની રહેશે.

## ૧૦. ભંડોળ છૂટું કરવુઃ-

ભંડોળ છૂટું કરવા અને સમીક્ષા માટે રાજય કક્ષાની સ્ટેટ લેવલ પ્રોજેકટ મોનીટરીંગ કમિટી પ્રોજેકટની દરખાસ્ત રજૂ થયેથી તેની સમીક્ષા કરી, જરૂરીયાત અનુસાર તબક્કાવાર ભંડોળ છૂટું કરવા નિર્ણય લેશે.

## ૧૧. અન્ય શરતોઃ-

યોજનાના અમીલીકરણ, દેખરેખ, નિયંત્રણ અને સમીક્ષા વગેરે માટે ની જરૂરી શરતો/બોલીઓ નીચે મુજબની રહેશે.અન્ય શરતો અને માર્ગદર્શીકા (Guidelines)કમિશનરશ્રી કુટીર અને ગ્રામોધોગ દ્વારા નિયત કરવામાં આવશે. તથા આ યોજના નીચે આવરી લીધેલ તમામ કારીગરો ને રાષ્ટ્રીય સ્વાસ્થ્ય વીમા યોજના હેઠળ આવરી લેવાની જવાબદારી SPV (Special Purpose Vehicle) ની રહેશે.

(૧) ક્રાફટ બિઝનેસ ડેવલપમેન્ટ સેન્ટરની માંગણી કરનાર સંસ્થા પાસે ઉત્કૃષ્ટતા કેન્દ્ર (સેન્ટર ફોર એક્સિલન્સ-COE) નિદર્શન સહ પ્રદર્શન ખંડ, સેમિનાર ખંડ,ઉત્પાદન કેન્દ્ર અને ગોદામને અનુરૂપ ઓછામાં -ઓછી ૫૦૦૦ ચોરસ ફુટ બીન ખેતીની જમીન ઉપલબ્ધ હોય તો જ દરખાસ્ત કરી શકશે.

(૨) સ્કોપ ઓફ વર્કનું આયોજન SPV (Special Purpose Vehicle) દ્વારા કરવામાં આવશે.

(૩) ક્રાફટ બિઝનેસ ડેવ લપમેન્ટ સેન્ટરની માંગણી કરનાર સંસ્થા(Special Purpose Vehicle) એ ₹.૧૦૦ ના સ્ટેમ્પ પેપર ઉપર બાંહેધરી આપવાની રહેશે, જેનો ડ્રાફ્ટ સી.એમ.ટી.એ દ્વારા તૈયાર કરી રાજ્ય કક્ષાની કમીટીમાં મંજુર કરાવવાનો રહેશે.

(૪) ક્રાફટ બિઝનેસ ડેવલપમેન્ટ સેન્ટરની માંગણી કરનાર સંસ્થા(Special Purpose Vehicle) એ ₹.૧૦૦ના સ્ટેમ્પ પેપર ઉપર કલસ્ટર મેનેજમેન્ટ એન્ડ ટેકનીકલ એજન્સી (સી.એમ.ટી.એ) તરીકે ગુજરાત માટીકામ કલાકારી અને ગ્રામ ટેકનોલોજી સંસ્થા સાથે MOU કરવાનું રહેશે, જેનો ડ્રાફ્ટ સી.એમ.ટી.એ દ્વારા તૈયાર કરી રાજ્ય કક્ષાની કમીટીમાં મંજુર કરાવવાનો રહેશે.

(૫) આ યોજનાની સહાયથી ઊભી થતી તમામ સ્થાવર મિલકતોમાં બીજા હકકે કમિશનર કુટીર અને ગ્રામોધોગનું નામ દાખલ કરવાનું રહેશે.

(૬) આ યોજનાની સહાયથી ઊભી થતી તમામ સ્થાવર/જંગમ મિલકતોનો ઉપયોગ નિયત હેતુ માટે જ કરવાનો રહેશે.

(૭) જંગમ મિલકતોનો નિકાલ કમિશનર, કુટીર અને ગ્રામોદ્યોગની પરવાનગી મેળવી કરવાનો રહેશે.

(૮) મંજૂર થયેલ બીઝનેસ ડેવલપમેન્ટ સેન્ટરની સ્થળ મુલાકાત અને અહેવાલ માટે કમિટિની રચના રાજયકક્ષાની પરિયોજનાની મંજૂરી સમિતિ દ્વારા કરવામાં આવશે. અને આ સમિતિએ વર્ષમાં ઓછામાં-ઓછી બે વખત મુલાકાત લેવાની રહેશે.

આ યોજના અંગેનો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઇમાં નીચે જણાવેલ કરેલ બજેટ સદરે કરવાનો રહેશે.

| | |
|---|---|
| માંગણી ક્રમાંક :- | ૪૯ |
| મુખ્ય સદર:- | ૨૮૫૧ ગ્રામ અને લઘુ ઉદ્યોગો |
| પેટા મુખ્ય સદર: | - ૦૦ -નીલ- |
| ગૌણ સદર:- | ૮૦૦- અન્ય ખર્ચ |
| પેટા સદર:- | (૧૩) આઇ.એન.ડી.-૩૨ , કલસ્ટર વિકાસ યોજના |
| હેતુ સદર :- | ૩૩૫૫ - સહાયકી (ગ) અન્યને સ્કીમ નંબર:- ૧૬૩૫૩૧ |

આ ઠરાવ આ વિભાગ ની સરખા ક્રમાંક ની ફાઇલ ઉપર અગ્રસચિવશ્રી (કુટિર ઉદ્યોગ)ની તા.૨૨ -૧૨-૨૦૧૬ની નોંધ થી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત ના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( એમ.એમ. ડાભી)
ઉપ સચિવ
ઉદ્યોગ અને ખાણ વિભાગ

પ્રતિ,

૧. રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર (પત્ર દ્વારા)
૨. માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ, સચિવાલય, ગાંધીનગર
૩. માન.મંત્રીશ્રી, કુટિર ઉદ્યોગના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
૪. અગ્રસચિવશ્રી,(કુટિર અને ગ્રામોદ્યોગ,)ના અંગત સચિવ, ઉદ્યોગ અને ખાણ વિભાગ,બ્લોક નં-૫/૨,સચિવાલય ગાંધીનગર
૫. અગ્રસચિવશ્રી, નાણા વિભાગના અંગત સચિવ, બ્લોક નં-૪/૫,સચિવાલય, ગાંધીનગર
૬. કમિશ્નરશ્રી, કુટીર અને ગ્રામોદ્યોગ, ગુજરાત રાજ્ય, ઉદ્યોગભવન, ગાંધીનગર
૭. ઉદ્યોગ કમિશ્નરશ્રી, ગુજરાત રાજ્ય, ઉદ્યોગભવન,ગાંધીનગર
૮. મેનેજીગ.ડીરેકટરશ્રી, ગુજરાત રાજ્ય હાથશાળ હસ્તકલા વિકાસ નિગમ, સેક્ટર-૧૩, ગાંધીનગર
૯. સભ્ય સચિવશ્રી, ગુજરાત ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ, નિર્માણ ભવન, જુના વાડજ, અમદાવાદ
૧૦. મેનેજીગ.ડીરેકટરશ્રી, ગુજરાત રુરલ ઇન્ડસ્ટ્રીઝ માર્કેટીંગ કોર્પોરેશન લી.ઉદ્યોગ ભવન, ગાંધીનગર
૧૧. નિયામકશ્રી, ગુજરાત માટીકામ કલાકારી અને ગ્રામ ટેકનોલોજી સંસ્થાન, સેક્ટર-૧૨, ગાંધીનગર
૧૨. ડેપ્યુટી ડાયરેકટરશ્રી, ડેવલપમેન્ટ કમિશનર (હેન્ડીક્રાફટ) મણીનગર, અમદાવાદ.
૧૩. ડેપ્યુટી ડાયરેકટરશ્રી, વિવર્સ સર્વિસ સેન્ટર, ખાદી બોર્ડ કંમ્પાઉન્ડ, નિર્માણ ભવન, જુના વાડજ, અમદાવાદ.
૧૪. સહકાર કમિશનર અને રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, જુનાસચિવાલય, ગુજરાત રાજ્ય ગાંધીનગર
૧૫. સામાન્ય વહીવટ વિભાગ (આયોજન પ્રભાગ) સચિવાલય, ગાંધીનગર
૧૬. નાણા સલાહકારશ્રી, ઉદ્યોગ અને ખાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૧૭. કૃષિ અને સહકાર વિભાગ, નવા સચિવાલય, ગાંધીનગર
૧૮. જનરલ મેનેજરશ્રી, જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર તમામ **(કમિશનરશ્રી, કુટિર અને ગ્રામોદ્યોગ મારફત)**
૧૯. એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજ્ય, રેસ કોર્સ રોડ, રાજકોટ/અમદાવાદ
૨૦. નિયામકશ્રી, હિસાબ અને તિજોરીની કચેરી ગુજરાત રાજ્ય ગાંધીનગર
૨૧ જિલ્લા તિજોરી અધિકારીશ્રી, તમામ
૨૨. માહિતી નિયામકશ્રી, જુના સચિવાલય, ગુજરાત રાજ્ય ગાંધીનગર
૨૩. ઉદ્યોગ અને ખાણ વિભાગની સર્વે શાખાઓ, સચિવાલય ગાંધીનગર
૨૪. સિલેક્ટ ફાઇલ

ઉદ્યોગ અને ખાણ વિભાગના તા:-૨૬ -૧૨-૨૦૧૬ના ઠરાવ ક્રમાંક- બજટ-૧૦૨૦૧૪-૨૯૩-ખ સાથેનું જોડાણ-

# પરિશિષ્ટ—૧

| ક્રાફ્ટ બિઝનેસ ડેવલપમેન્ટ સેન્ટર (CBDC) | | (₹. કરોડમાં) | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ક્રમ | વિગત | મહત્તમ ₹. ૭ કરોડ | | | ન્યૂનતમ ₹. ૩ કરોડ | | | રીમાર્કસ |
| | | સરકારશ્રીની સહાય (૭૦%) | સંસ્થાનો ફાળો (૩૦%) | કુલ | સરકારશ્રીની સહાય (૭૦%) | સંસ્થાનો ફાળો (૩૦%) | કુલ | |
| ૧ | માળખુ કે જેમાં સેન્ટર ફોર એકસીલન્સની સ્થાપના | ૧.૨૫ | ૦.૪૫ | ૧.૭૦ | ૦.૪૭ | ૦.૨૦ | ૦.૬૭ | સંસ્થાની જમીન ઉપર વર્કશેડ, ગોડાઉન, ડીઝાઇન સ્ટુડીયો નું બાંધકામ તથા તૈયાર સેલડેપો ખરીદવા માટે |
| ૨ | તાલીમ અને કૌશલ્ય વિકાસ | ૦.૭૦ | ૦.૩૦ | ૧.૦૦ | ૦.૩૨ | ૦.૧૪ | ૦.૪૫ | ત્રી માસીક તાલીમ વર્ગ માટે તબકકા વાર (પ્રતિ વર્ષ એક મહત્તમ ત્રણ તાલીમ વર્ગ) |
| ૩ | યંત્ર સામગ્રી અને સાધન સામગ્રી | ૦.૯૫ | ૦.૩૫ | ૧.૩૦ | ૦.૩૬ | ૦.૧૬ | ૦.૫૨ | વર્કશેડ, ગોડાઉન, ડીઝાઇન સ્ટુડીયોનું બાંધકામ તૈયાર થયા બાદ પરીયોજનાની જરૂરીયાત મુજબ |
| ૪ | ડિઝાઇન તથા સંશોધન અને વિકાસ (યોજનાનો પ્રચાર, દેખરેખ, નિયંત્રણ,સંશોધન અને સેમીનાર,કૌશલ્યની કક્ષા ઉંચી લાવવી,ડિઝાઇન વિકાસ અને ઉત્પાદનમાં વૈવિધ્ય કરણ) | ૦.૭૦ | ૦.૩૦ | ૧.૦૦ | ૦.૩૨ | ૦.૧૪ | ૦.૪૫ | પ્રતિ વર્ષ ₹. ૨૦ લાખ મહત્તમ પાંચ વર્ષ સુધી |
| ૫ | માર્કેટ સપોર્ટ/એકસપોર્ટ | ૦.૭૦ | ૦.૩૦ | ૧.૦૦ | ૦.૩૨ | ૦.૧૪ | ૦.૪૫ | રાષ્ટ્રીય-આંતરાષ્ટ્રીય મેળા/પ્રદર્શન બાયર/સેલર મીટ વગેરે યોજવા |
| ૬ | કર્મચારી વર્ગ અને વહીવટી | ૦.૨૮ | ૦.૧૨ | ૦.૪૦ | ૦.૧૩ | ૦.૦૫ | ૦.૧૮ | ત્રીમાસીક રીએમ્બર્સના ધોરણે (પાંચ વર્ષ માટે) |
| ૭ | પ્રકીર્ણઃ- (નિદાન અભ્યાસ અને વિસ્તૃત પરિયોજના અહેવાલ, સંગઠનની રચના-એસ.વી.પી. કારીગરોનુ એકત્રી કરણ, કાચામાલ સામગ્રી માટે ફંડ, કાર્યકારી મુડી માટે ધિરાણ પર વ્યાજ સહાય,પ્રચાર અને પરી યોજનાનો વ્યવસ્થા ખર્ચ) | ૦.૪૨ | ૦.૧૮ | ૦.૬૦ | ૦.૨૦ | ૦.૦૮ | ૦.૨૮ | પરીયોજનાની જરૂરીયાત મુજબ ત્રણ તબકકામાં |
| | કુલ: | ૫.૦૦ | ૨.૦૦ | ૭.૦૦ | ૨.૧૦ | ૦.૯૦ | ૩.૦૦ | |

(એમ.એમ.ડાભી)
ઉપ સચિવ
ઉદ્યોગ અને ખાણ વિભાગ